
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



નીલમબેન વિપિનચંદ્ર કામદાર (૧૯૩૭) ફોન: ૨૩૨૨૧૧૬૦



મહેન્દ્રભાઈ હરિદાસ સત્યદેવ (૧૯૪૧) મો.૯૪૨૬૫૬૯૪૭૫

# ગુજરાતમાં ફ્લોરાઈડ મિટિગેશન સેન્ટરની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં ફ્લોરાઈડ મિટિગેશન કેન્દ્ર સ્થાપવાના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકારતા રાજય સરકારે ગ્રુપ વોટર સપ્લાય સ્કીમ હેઠળ આદિજાતી વિસ્તારોમાં પીવાના પાણીના પુરવઠાની સતત વધી રહેલી માંગને પહોંચી વળવા નાણાકીય સહાય કરવાની કેન્દ્ર સરકાર સમક્ષ માંગ કરી છે.

પાણી પુરવઠા અને આરોગ્ય અંગે રાજયના મંત્રીશ્રીઓ અને સચિવોના યોજાયેલા સંમેલનમાં ગુજરાતમાં ટુંક સમયમાં ફ્લોરાઈડ મિટિગેશન કેન્દ્ર સ્થાપવાની કેન્દ્રિય મંત્રીશ્રી જયરામ રમેશની જાહેરાત અંગે રાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.સંમેલનને સંબોધતા શ્રી પટેલે માગ કરી હતી કે ભારત સરકારે આદિજાતી વિસ્તારોમાં રહેતા લોકોને શુદ્ધ પીવાનું પાણીનો પુરવઠો મળી રહે તે માટે ખાસ ભંડોળ ફાળવવું જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર આદિજાતી વિસ્તારોમાં હેન્ડ પંપ દ્વારા પીવાના પાણીની સુવિધા પુરી પાડે છે, પરંતુ સતત વધી રહેલી માગને પગલે ગ્રુપ વોટર સપ્લાય સ્કીમ હેઠળ પાણીનો પુરવઠો ઉપલબ્ધ કરાવવો જોઈએ. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે રાજય સરકારે આ સૂચિત યોજના માટે પહેલેથી જ રૂ.૯૬૦કરોડની ફાળવણીની જાહેરાત કરી છે. તેમણે કેન્દ્રિય મંત્રી સમક્ષ આ મુદ્દે માગ કરી હતી કે ભારત સરકારે પણ આ -ોજેક્ટ માટે ૫૦ ટકા નાણાકીય સહાય આપવી જોઈએ.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ રાજયમાં પાણીના પુરવઠાની સેવામાં સુધારો કરવાને -ાથમિકતા આપી છે. વર્ષ ૨૦૦૩-૦૪માં રાજય સરકારે પાણીના પુરવઠા માટે રૂ.૬૭૨ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરી હતી. જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન નોંધપાત્ર વધારો કરીને રૂ. ૨૫૦૦ કરોડ કરવામાં આવી છે. શ્રી પટેલે જણાવ્યું હતું કે જળ વિકાસના કામો માટે ભંડોળ ઉપલબ્ધ બની રહે તે રાજય સરકારે સુનિશ્ચિત કર્યુ છે.

પાણી પુરવઠા ક્ષેત્રે જન ભાગીદારી પીપીપી નો ઉલ્લેખ કરતા શ્રી પટેલે જણાવ્યું હતું કે આ યોજના હેઠળ ગુજરાતમાં ૧૭,૭૯૦ પાણી સમિતિઓ કાર્યરત છે અને પીવાના પાણી ક્ષેત્રે સુરક્ષા હાંસલ કરવા ૮,૬૯૬ ગામોમાં યોજના કાર્યરત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજય સરકાર દરેક ઘરોમાં નળના જોડાણ દ્વારા પુરતું, નિયમિત અને સુરક્ષીત પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા -તિબદ્ધ છે. પાણીની અછતની સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકારે સંખ્યાબંધ ટુંકાગાળાના અને લાંબાગાળાના પગલાં ભર્યા છે. સંસ્થાકીય માળખાગત બદલાવ દ્વારા પાણી પુરવઠા ક્ષેત્રે નોંધપાત્ર સફળતા હાંસલ કરાઇ છે,તેમ તેમણે ઉમેર્યુ હતું.

પાણી વિકાસ સંબંધિત બાબતે શ્રેષ્ઠ કામગીરી દાખવવા બદલ ગુજરાતને ૨૦૦૮માં -ાઈમ મિનિસ્ટર્સ એવોર્ડ, વર્ષ ૨૦૦૯માં યુએન એવોર્ડ અને વર્ષ ૨૦૧૦માં સીએપીએએમ એવોર્ડ -ાપ્ત થયા હતા. આજે રાજયની ૭૩.૮૬ ટકા ગ્રામ્ય જનતા વર્ષ ૨૦૦૧માં વસ્તીગણતરી મુજબ નળના જોડાણથી પાણીનો પુરવઠો મેળવે છે. પાણી પુરવઠા વિભાગના મુખ્ય સચિવ શ્રી એચ. કે. દાસ પણ સંમેલનમાં ઉપસ્થિત રહ્યાં હતા.

## સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકોને અપાતું સંકલિત શિક્ષણ

ગાંધીનગર, તા. ૨૫

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગતા ધરાવતાં ૬ થી ૧૮ વર્ષની વયના બાળકોને સંકલિત શિક્ષણ આપવામાં આવે છે. આ બાળકો શાળામાં રહી, મહત્તમ ૧૮ વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી શિક્ષણ પ્રાપ્ત કરે તેવો આશય છે. શિક્ષણ અધિકાર અન્વયે વિકલાંગ બાળકોને સામાન્ય બાળક સાથે શાળામાં નામાંકન કરાવવું જેથી આ બાળકો પણ શિક્ષણ મેળવી આત્મનિર્ભર બને તથા પુનઃસ્થાપન પામી સમાજમાં સ્થાન મેળવે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરું કરે.


સંકલિત શિક્ષણ અન્વયે ૧,૩૨,૭૧૩ બાળકો નોંધાયેલા છે. સમગ્ર રાજ્યમાં વર્ષ ૨૦૧૧-૧૨ અન્વયે ૪,૪૦૫ વિકલાંગ બાળકોને વિકલાંગતા પ્રમાણપત્ર મેડીકલ કેમ્પના આયોજન દ્વારા આપવામાં આવ્યા છે. જયારે ૧૮,૮૪૧ વિકલાંગ બાળકોને સાધન-સહાય આપવામાં આવી છે. વિકલાંગોને અવરોધમુક્ત વાતાવરણ પુરું પાડવાના હેતુથી રાજ્યની ૩૩,૪૫૧ શાળાઓમાં રેમ્પ અને રેલિંગની સુવિધા પૂરી પાડવામાં આવી છે. વિકલાંગતાને લગતાં વિવિધ દિવસોની ઉજવણી કરીને જનજાગૃતિ કેળવાય છે.

વિકલાંગ બાળકોને રિસોર્સ રૂમની સુવિધા આપવામાં આવી છે. જેમાં રિસોર્સ ટીચર્સ દ્વારા શિક્ષણ, તાલીમ અને માર્ગદર્શન આપે છે. અતિ તીવ્ર વિકલાંગતાં ધરાવતાં બાળકોના શિક્ષણ-માર્ગદર્શન માટે કેરગ્રીવર્સ હોમ બેઝડ એજ્યુકેશન પુરું પાડશે. સર્વ શિક્ષા અભિયાનનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૭૯૬૫ છે. સંબંધિત બાળકો, તેના વાલીઓ અને પ્રોજેકટ સંચાલકોએ વધુ વિગતો માટે સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગરનો સંપર્ક સાધવો.

## સુરત મનપાની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૫ અને ૭૯ ફેરફાર સાથે મંજૂર

રાજ્ય સરકારે સુરત મહાનગરપાલિકાની મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર-૨૫ ટંકી અને યોજના નં. ૭૯ સુલતાનાબાદ-ભિમપોરને કેટલાક ફેરફાર સાથે મંજૂર કરી છે અને આ યોજના લોકનિરીક્ષણાર્થે કચેરીના કામકાજના સમય દરમિયાન ખુલ્લી રાખવામાં આવશે તેમ પણ જણાવાયું છે.

## શબ્દાવલી - ૪૭૩૯



### આડી ચાવી

૧. તુચ્છકાર (૪)
૪. પથરીનાં દર્દમાં ઉપયોગી એક કઠોળ (૩)
૬. સફળ થવું તે (૪)
૭. ચર્ચા, તકરાર, વદાડ (૨)
૮. .... પેટીસ, રગડો (૩)
૧૦. કોર્ટમાં.... ના સોગંધ લેવાય છે (ધર્મગ્રંથ) (૨)
૧૧. કંજૂસ માટે આ શબ્દ પણ વપરાય (૨)
૧૨. અવાજ (૨)
૧૩. વાંસની નાની ટોપલી (૩)
૧૫. શ્રાવણી પુનમે બહેનને અપાતી ભેટ (૫)
૧૭. 'ચલણ' શબ્દ ગોઠવો (૩)
૧૮. હિન્દીમાં પાલવને .... કહેવાય (૩)
૨૦. કળાય નહિ તેવું (૩)

### ઊભી ચાવી

૧. મુરખ, ધુતારો (૨)
૨. ખેપિયો, સંદેશ લાવનાર - લઈ જનાર (૩)
૩. નકામુ, ખપ વગરનું (૨)
૪. લાઈન (૩)
૫. ફાટેલી જગ્યા પર મુકેલ બીજા ટૂકડા (૩)
૭. પૃથ્વીને વીંટળાઈ રહેલ વાયુનું આવરણ (૫)
૯. આશ્ચર્ય, નવાઈ (૩)
૧૦. ગીરો મુક્યુ હોય તેવું (૩)
૧૧. રેલ્વે-વહાણ વગેરે દ્વારા મોકલાતું પોટકુ કે બંડલ વગેરે (૪)
૧૪. પેટ્રોલ અને... દ્વારા વાહન ચાલે (૩)
૧૬. પચી જાય તે, પચી જવું (૩)
૧૮. એકડા એકા , અગિયારા વગેરે (૨)
૧૯. ખંજવાળ (૨)

### શબ્દાવલી ૪૭૩૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અહેસાન (૪) મસ્તક (૬) હેલન (૭) ભાનુ (૮) આયુષ્યમાન (૧૦) સરસીયું (૧૨) ધનુર (૧૬) પાધરૂ (૧૭) રજ (૧૮) કેળુ (૧૯) માજતવ (૨૧) મસીહા (૨૨) સ્તુતિ

**ઊભી ચાવી :-** (૧) અહેસાસ (૨) હેલ (૩) સાન (૪) મનુષ્ય (૫) કથન (૭) ભાયુ (૮) આયુધ (૯) માછી (૧૧) રતાંધળુ (૧૩) નુરજહા (૧૪) રજત (૧૫) સસ્તુ (૧૬) પાકેલુ (૧૯) માસી (૨૦) વસ્તુ

# રાજયની જેલોમાં હાઈટેક મોબાઈલ ટ્રેકર સિસ્ટમ લગાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

જેલોમાં થતાં ગેરકાયદે મોબાઈલ ફોનના ઉપયોગને રોકવા રાજયની તમામ જેલોમાં હાઈટેક મોબાઈક ટ્રેક્ટ સિસ્ટમ લગાવવામાં આવનાર છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં આવેલી જેલો પૈકી કેટલીક જેલોમાં કેદીઓ પાસેથી ગેરકાયદે રખાયેલ ફોનો મળી આવવાની ઘટના બનવા પામી છે. આ ઉપરાંત જેલમાંથી કેદીઓ દ્વારા ગેરકાયદે ફોન પણ બહાર થતા હોવાની ઘટનાઓ તંત્રના ધ્યાન પર આવવા પામી હતી.

જેલમાં ગેરકાયદે રીતે થતાં મોબાઈલ ફોનના ઉપયોગને રોકવા માટે હવે જેલ સત્તાતંત્ર દ્વારા રાજયની તમામ જેલોમાં હાઈટેક મોબાઈલ ટ્રેક્ટ સિસ્ટમ લગાવવામાં આવશે. જેલ વિભાગ દ્વારા આ વર્ષે રૂ. બે કરોડના ખર્ચે આ સિસ્ટમની ખરીદી કરીને ટૂંક સમયમાં જેલોમાં આ સિસ્ટમ લગાવવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જેલોમાં હાઈટેક મોબાઈલ ટ્રેક્ટ સિસ્ટમ લગાવવાથી જેલમાં કયા સ્થળેથી મોબાઈલ ફોન પરથી વાત થઈ રહી છે શું વાતચીત થઈ રહી છે તે જાણી શકાશે જેના કારણે જેલમાંથી જો કોઈ વ્યકિત કે કેદી દ્વારા મોબાઈલ ફોનનો ઉપયોગ કરવામાં આવશે તો તુરત જ પકડાઈ જશે. આ સિસ્ટમના કારણે જેલમાંથી મોબાઈલ ફોનના થતા ઉપયોગને તો અટકાવી શકાશે સાથો સાથ આવા બનાવો પણ અટકાવી શકાશે.

# રીફ્રેસર કોર્સ ઓન અપડેટ ઓન ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ

ગાંધીનગર, તા. ૨૫

કલ્પના જ્ઞાન કરતા વધારે મહત્વપૂર્ણ છે. યુવાન પેઢીમાં કલ્પના અને સર્જનાત્મકતા કેળવવા માટે અને બૌધિક સંપદાને મજબૂત કરવા પ્રેરણા આપવા માટે ગુજકોસ્ટ દ્વારા ત્રણ દિવસીય રીફ્રેસર કોર્સ ઓન અપડેટ ઓન ઈન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઈટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.

ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સલાહકાર ડૉ. જી.જે. સમથનમ આ આ પ્રોગ્રામને અનુલક્ષીને જણાયું કે પેટન્ટ આપણી બૌધિક સંપદાનું શ્રેષ્ઠ માપદંડ છે. જે આપણા દેશ અને રાજ્યમાં વૈજ્ઞાનિકો અને સંશોધકોને સંશોધન કરવા માટે વેગ આપશે. વધારામાં ડૉ. સમથનમે જણાવ્યું કે આપણી યુવા પેઢી IPRમાં પોતાની કારકિર્દી બનાવશે. અને સંશોધનો કરી આપણા દેશની બૌધિક સંપદાને પ્રબળ બનાવશે. આજસુધી ઘણી પ્રગતિ હોવા છતાં આપણે હજુ પણ રૂપિયા છાપવાની પ્રક્રિયા માટે રોયલ્ટી આપીએ છીએ. દેશભરમાં ૪૦૦૦ થી પણ વધારે યુનિવર્સિટીમાં દર વર્ષે ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પી.એચ.ડી. કરવા છતાં એટલા પ્રમાણમાં પેટન્ટ રજીસ્ટર થતા નથી.

ગુજકોસ્ટ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર હેઠળ કાર્યરત સંસ્થા છે. ગુજકોસ્ટ દ્વારા ત્રણ દિવસીય IPR રીફ્રેસર કોર્સનું આયોજન ઈન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ, ગાંધીનગર ખાતે તા. ૨૩ થી ૨૫, મે ૨૦૧૨ ના રોજ કર્યું. જેનો ધ્યેય બૌધિક સંપદા અધિકાર અંગેની પ્રવૃત્તિઓમાં તાજેતરમાં વિકાસ વિશે પ્રેરણા અને જાણકારી આપવાનો છે.

આ કાર્યક્રમ તેના પેટન્ટ સગવડ કેન્દ્રના એક ભાગરૂપે યોજેલ છે. ગુજકકોસ્ટની જેમ દરેક રાજ્યમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી કાઉન્સિલ હેઠળ પેટન્ટ માહિતી કેન્દ્ર સ્થાપવામાં આવેલ છે. જે પેટટન્ટની નોંધ અને તેના રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે મદદ પુરી પાડે છે.

આ કાર્યક્રમ દેશના ૩૦ રાજ્યોના પેટન્ટ માહિતી કેન્દ્રના અધિકારીઓ માટે યોજેલ છે. આવા ૧૦૦ અધિકારીઓ માટે ત્રણ બેચમાં કાર્યક્રમ માટે આમંત્રિત કરવામાં આવશે. ગુજકોસ્ટે આ સંદર્ભમાં ખૂબજ વ્યાપક તાલીમ પદ્ધતિની રચના કરેલ છે જે સ્થાનિક અને રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો દ્વારા સહયોગથી આયોજન કરવામાં આવશે.

# લાઈબ્રેરી ગઈ વાંચકો પાસે વેળાવદરની સંસ્થાનું અનોખું વાચન અભિયાન

ભાવનગર, તા. ૨૫

જેણે પુસ્તક વાચવું હોય તેણે લાઈબ્રેરીમાં જવું જોઈએ. આ સર્વસામાન્ય સિધ્ધાંત છે. પરંતુ કયાંક કોઈ પુસ્તકાલય વાંચકોને શોધવા નીકળે તેવો કિસ્સો તો જવલ્લે જ જોવા મળે છે. પરંતુ આવો અનોખો વાચન અભિયાનનો પ્રયોગ વેળાવદરની સંસ્થા ગુર્જરી પર્યાવરણ શૈક્ષણિક ટ્રસ્ટે કર્યો છે.

આ સંસ્થા દ્વારા હાથ ધરાયેલ જ્ઞાન પરબ પ્રકલ્પ મુજબ લગભગ ૭૦૦ જેટલા પુસ્તકો સ્વયંસેવકો મારફત અલગ અલગ વાંચકોને પહોંચાડવામાં આવ્યા. જેમાં શાળાઓના વિદ્યાર્થીઓની મદદ વડે દરેક વિદ્યાર્થીને દસ-દસ પુસ્તકો આપી તેમની આસપાસનાં વાંચકોને આ પુસ્તકો વાંચન માટે મોકલવામાં આવ્યા. દર દસ દિવસે તે સ્વયં સેવક પુસ્તક દરેક વાચક પાસેથી બદલી અન્ય વાચકને પહોંચાડે. આ રીતે એક વાચન આંદોલન શરૂ થયું. સાથોસાથ તે પુસ્તક વાચન આંદોલન શરૂ થયું. સાથોસાથ તે પુસ્તક અંગેના અભિપ્રાયો પણ લેખિત સ્વરૂપે જયારે મેળવાયા ત્યારે કેટલાય આ પ્રયાસને ઉત્તમ વાચન ભક્તિ તરીકે ઓળખાવ્યો. ગારિયાધારની એમ.ડી.પટેલ હાઈસ્કૂલ, કાણકિયા-પારેખ હાઈસ્કૂલ, વેળાવદર અને ત્યારબાદ એમ.ડી. ગાર્ડી હાઈસ્કૂલ મોટી વાવડીમાં પણ આ પ્રયોગ વિસ્તારાશે.

ગીજુભાઈ ભરાડ દ્વારા સંપાદિત જ્ઞાનતુલાનાં પુસ્તકો તથા બીજા અનેક નામી લેખકોના પુસ્તકો અહીં અપાય રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૫૦૦ કરતાં પણ વધુ વાંચકોએ આ પ્રયોગનો લાભ ઉઠાવ્યો છે. આ નવતર કાર્યક્રમ હજુ વિસ્તારાશે. લેખકો તેમના પુસ્તકો મોકલી શકશે. શ્રી તખુભાઈ સાંડસુડ, કમલેશભાઈ વ્યાસ, ધીરૂભાઈ મેર, પ્રતાપસિંહ ચૌહાણ, ભરતભાઈ ગોટીનું તેમાં માર્ગદર્શન મળતું રહે છે.

# શહેરમાં વેરીકોઝ વેન્સનો ઓપરેશન અંગે લાઈવ સર્જરી નિદર્શન વર્કશૉપ યોજાયો

## લેઝર અને રેડિયો ફ્રિકવન્સી એબ્લેશનથી થતી શસ્ત્રક્રિયા : લેઝરની ૩૦૦૦ અને રેડિયો ફ્રિકવન્સી એબ્લેશનથી ૬૦૦ થી વધુ દર્દીઓને સારવાર

અમદાવાદ, તા. ૨૫

વેરીકોઝ વેન્સ ક્લિનીકના ઉપક્રમે સિંગાપુરના વાસ્કયુલર સર્જન ડૉ. શ્રીરામ નારાયણન દ્વારા અમદાવાદમાં આજે વેરીકોઝ વેન્સ અંગે બે દર્દીઓ પરની શસ્ત્રક્રિયા અંગેના લાઈવ વર્કશૉપનું આયોજન થયું હતું. તેમ પત્રકારોને સંબોધતા વેરીકોઝ વેન્સનાં નિષ્ણાંત ડૉ. મોહલ બેન્કર અને વાસ્ક્યુલર સર્જન ડૉ. રાજેશ હૈદરાબાદીએ જણાવ્યું હતું.

આ સામાન્ય રીતે આ રોગ લાંબો સમય સતત ઉભા રહેનારા લોકો, શિક્ષકો અને પ્રેગનન્સી (ડીલીવરી) બાદ મહિલાઓ અને ખેતીકામ કરતાં લોકોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. ૪૦ વર્ષથી વધુ વયનાં લોકોમાં આવા લક્ષણો વિશેષ જોવા મળે છે.

રોગનાં લક્ષણો અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, આપણાં શરીરમાં મુખ્યત્વે બે પ્રકારની રક્તવાહિતીની છે જેમાં એક ઑક્સિજનવાળુ લોહી શરીરનાં વિવિધ અંગોને પહોંચાડે છે તેને ધમની કહેવાય છે. જયારે ઑક્સિજન વપરાયા પછીનું લોહી પાછું હૃદય તરફ લઈ જતી રક્તવાહિનીને શિરા કહેવાય છે. દરેક પગમાં ૨૫ થી ૩૦ શિરાની અંદર વાલ્વ આવેલા હોય છે. આ વાલ્વમાં જયારે કોઈ નુકશાન (ક્ષતિ) થાય છે ત્યારે જે લોહી ઉપર ચડવું જોઈએ તેના બદલે ૧૫ થી ૨૦ ટકા લોહી પાછું ધકેલાઈને લોહીની નળીમાં જમા થઈ જાય છે. જેનાથી ધીમે ધીમે પગ તરફની નળીમાં લોહીનો ભરાવો થતા નળીઓ ફુલી જાય છે.

ડૉ. બેન્કરે અને ડૉ. હૈદરાબાદીએ વધુમાં જણાવ્યું હતું કે, અશુધ્ધ લોહી જમા થાય તે અંગને ઑક્સિજન નહીં મળતાં જે- તે દર્દીને પગમાં સોજો આવી જવો, ગોટલાનો દુઃખાવો થવો, ચામડીનો રંગ બદલાઈ જવો અને એડવાન્સ સ્ટેજ (શરૂઆતના તબક્કા) માં ચાંદુ પડવા જેવી સમસ્યાઓ જોવા મળે છે. તેથી જ તે દર્દીઓને વેરીકોઝ વેન્સની સમસ્યામાંથી બે પ્રકારની સારવાર આપવામાં આવે છે.

# સમાચાર ઝલક

- સાંસદોની કાર લાલબત્તી મુદ્દે સોનિયા ગાંધીની લાલ ઝંડી.
- જગમોહન રેડ્ડીના સંપત્તિ કેસમાં સી.બી.આઇ. ધરપકડ કરે તેવી શક્યતા.
- મોટી ઉંમરના નેતાઓ નિવૃત્તિ લેવાની જરૂર છે : કોંગ્રેસના જનરલ સેક્રેટરી શ્રી દિગ્વિજયસિંહ.
- આ સપ્તાહમાં એક સાથે ૧૦ ફિલ્મો રજૂ થશે : યે ખુલા આસમાન, એમ.એલ.એ., રક્તબીજ, ચડદી કલા પંજાબ કી, અર્જુન, લવ રેસીપી, ચુટકી બજાકે, ધમાચોકડી, લવ રિકલ ફી, અને મેન ઇન બ્લેક-૩.
- ભારત-પાકિસ્તાનના ગૃહસચિવો વચ્ચે મંત્રણા, ત્રાસવાદ, વિઝાની ઉદારનીતિ, મુંબઇ હુમલાના માસ્ટર માઇન્ડ વગેરે મુદ્દા ચર્ચાશે.
- કેન્દ્ર સરકારના નવા કર્મચારીઓને કેન્દ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ નહીં મળે, ખાનગી મેડીકલેઇમ પોલીસી અપાશે.
- પેટ્રોલમાં વેટ ઘટાડવા માટે ભાજપના નેતાઓનું ચૂપકીદી મૌન.
- મોબાઇલ દરોમાં ધરખમ વધારાની શક્યતા : કેબીનેટ બેઠકમાં ચર્ચાશે.
- હવે ડીઝલમાં રૂા. ૫ અને રાંધણગેસમાં રૂા. ૫૦ નો ભાવવધારો થશે.
- અમદાવાદ-દ્વારકા ટ્રેઇનમાં પૂનમે વધુ ચાર ડબ્બા લાગશે.
- ગરીબી રેખાની પુનઃ સમીક્ષા કરવા સમિતિ રચાઇ : રંગરાજનના ચેરમેનપદે.
- ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમવર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી.
- કેન્દ્ર સરકારના મંત્રીશ્રી દિનશા પટેલનો આજે અમૃત મહોત્સવ નડિયાદ ખાતે યોજાશે.
- વધુ કેલ્શિયમ લેવાથી હાર્ટ એટેકનું જોખમ બેવડાય છે : અભ્યાસનો સર્વે.

# ભીમપુરા ગામે ભાજપના કાર્યક્રમમાં આતસબાજીથી સર્જાયેલી દુર્ઘટના

## ઘાસના પુળામાં ફટાકડો પડતાં આગ લાગી ને એક મહિલા દાઝી

માણસા, તા. ૨૫

માણસા પાસેના ભીમપુરા ગામે નાનકડા તળાવને મોટુ કરી તેમાં નર્મદાના પામી છોડવામાં આવ્યા ત્યારે કાર્યક્રમના આયોજન દરમિયાન અતિ ઉત્સાહમાં આવી ગયેલા ભાજપ કાર્યકરોની ફટાકડાની આતસબાજીથી એક મહિલા દાઝી ગઈ હતી તેમજ ઘાસના પુળામાં ફટાકડો પડતા આગ લાગી હતી તેમ છતા કોઈ કાર્યકરો કે આગેવાનો મદદે ન આવ્યા અને કશુ ન થયું હોય તેમ કાર્યક્રમ ચાલુ રાખ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા તાલુકાના ભીમપુરા ગામે નાનકડા તળાવને મોટુ કરી અને તેમા નર્મદાના નીર લાવવા માટે મોટી ગ્રાન્ટ પાસ થઈ હોવાથી કાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય મોહન કુંડારીયા, સાંસદ સભ્ય જયશ્રીબેન પટેલ, માણસા વિધાનસભાની ચૂંટણીમાં પરાજીત ઉમેદવાર ડી.ડી. પટેલ તથા પક્ષના હોદ્દેદારો અને કાર્યકરો આવ્યા હતા. જેઓના સ્વાગત માટે ધોળાકુવા-ભીમપુરાને જોડતા રોડ પરથી સરઘસ કાઢવામાં આવ્યું હતું. જે જુના રાવળ વાસના નાકે પહોંચતા ગામની ઉત્સાહમાં ાવી ગયેલા ચૌધરી ભાઈઓએ રાવળવાસમાં ફટાકડાની આતસબાજી શરૂ કરી હતી. જેમાનું એક રોકેટ વાસમાં ઘર આગળ કામ કરતી મહિલા રાવલ જશીબેનના છાતીના ભાગે ગુસી જતા તેઓ દાઝી ગયા હતા અને બીજુ રોકેટ રાવળ મહાદેવભાઈના ધાબા પર મૂકેલા પુળામાં પડતા આશરે ત્રણ હજાર પુળા સળગી ગયેલા બિલકુલ સામે નજીકના અંતરે કાર્યક્રમની ફૂલહારવિધિ ચાલતી હતી. ભોગ બનનાર વાસના લોકો એકઠા થઈને આગ ઉપર કાબુ મેળવી જશીબેનને પરબતપુરા દવાખાને ખસેડ્યા હતા.

# પોરબંદર-અજમેર સુધી આજે વિશેષ ટ્રેન દોડશે

ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તી (રે.અ) ઉર્ષ પ્રસંગમાં ભાગ લેવા માટે યાત્રીઓને રેલ્વની વિશેષ સગવડ મળે તે માટે કેન્દ્ર રેલવે રાજ્યમંત્રીને કોંગ્રેસના લઘુમતિ સમાજના આગેવાનોએ રજુઆત કરતાં રેલવે રાજ્યમંત્રી ભરતસિંહ સોલંકીએ પોરબંદરથી અજમેર સુધીની એક ખાસ ટ્રેનની વ્યવસ્થા કરી છે. આ ટ્રેન આજે તા. ૨૫મીને શુક્રવારે રાત્રે ૧૦.૩૫ વાગે પોરબંદરથી ખાસ ટ્રેન રવાના થશે જે રાજકોટ ખાતે વહેલી સવારે શનિવારના રોજ ૪.૦૫ વાગે તથા વીરમગામ ખાતે સવારે ૮.૧૦ કલાકે, મહેસાણા ખાતે ૧૦.૨૦ કલાકે પહોંચીને, અજમેર ખાતે શનિવારે રાત્રે ૯.૦૦ વાગે પહોંચશે, આ વિશેષ ટ્રેનની સગવડ કરવા માટે પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ખુરશીદ સૈયદ ધારાસભ્ય ફારૂક શેખ તથા ગ્યાસુદ્દીન શેખ સહિતના આગેવાનોએ ભરતસિંહ સોલંકીનો આભાર માન્યો છે.

## મેટ્રોરેલનો પ્રથમ તબક્કો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ટરનેશનલ ફાયનાન્સ ઈન્સ્ટીટ્યુટ્સ પાસેથી લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કેન્દ્રના અર્બન ડેવલપમેન્ટના સૂત્રોએ એવી માહિતી આપી છે કે ગુજરાતે મેટ્રોરેલનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ કેન્દ્રને મોકલી આપ્યો છે. આ રિપોર્ટનું દિલ્હી મેટ્રોરેલ કોર્પોરેશન લિમિટેડને સોંપવામાં આવ્યું હતું જેમાં પ્રથમ ફેઝની કામગીરીનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જો કે રાજ્ય સરકારની આ દરખાસ્ત ઉપર કેન્દ્રએ હજી કોઈ નિર્ણય લીધો નથી.

બીજી તરફ મેટ્રોલિંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપનીના ડાયરેક્ટર અને એક્ઝીક્યુટીવ ચેરમેન સંજય ગુપ્તા પાસે આ પ્રોજેક્ટ છે. કુલ ત્રણ તબક્કામાં મેટ્રોરેલનું આયોજન કરવામાં આવ્યું છે. બે તબક્કા સુધી ૮૦૦૦ કરોડ ખર્ચાય તેમ છે. ત્રીજા તબક્કાનો રૂટ ૧૨૦ કિલોમીટર લાંબો હોવાથી વધારે રકમ ખર્ચાવાની ધારણા છે.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના સૂત્રોએ કહ્યું હતું કે પ્રથમ જ્યારે મેટ્રોરેલનો ગુજરાતે વિચાર કર્યો ત્યારે તેની કોસ્ટ ૨૫૦૦ કરોડ અંદાજવામાં આવી હતી. ત્યારપછી પ્રોજેક્ટ કોસ્ટ ૬૫૦૦ કરોડ થઈ હતી અને હવે ૧૦ હજાર કરોડથી પણ વધી ગઈ છે. કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રાલયે આ પ્રોજેક્ટને લીલીઝંડી આપી દીધી છે.